


"હિન્દી-ચીની ભાઈ-ભાઈ..."

"ઓ...હો... તમે જાણે ચીન જઈ આવ્યા હોય એવા મુડમાં છો..!"

"સાહેબ, ચીન જઈએ કે ના જઈએ આપણા વડાપ્રધાન રાજકીય વ્યૂહરચનાથી બાજી જીતી ગયા એટલે વટ પડી ગયો વટ..!"

"એ તો પંડિત જવાહરલાલ નહેરુ વખતે પણ આજ થયુ હતુ ને ભાઈ... હિન્દી-ચીની ભાઈ-ભાઈ બોલ્યા'તા ને પંચશીલના સિદ્ધાંતો પર હસ્તાક્ષર કર્યા હતા..."

"...પણ એમાં ખોટુ શુ છે..?!"

"હા... ખોટુ કાંઈ નથી પણ જ્યારે નહેરુએ કર્યું ત્યારે તમારાવાળાઓ ગાજી ગાજીને વિરોધ કરતાં હતા, ને આજે બદલાઈ ગયુ બધુ..!?!"

"ના ભાઈ ના, કશું બદલાયું નથી અને કશુ બદલાતુ નથી..!'

"એ જ, એ જ, અમે કહીએ છીએ. કે નહેરુ એ સાચા હતા અને તમે પણ સાચા છો, આ તો તમે નહેરુની બાદબાકી કરો છો, બાકી તો..!!"

"હં... એટલે બધુ આમ જ ચાલતુ હતુ એમ કહેવુ છે તમારૂ..?!"

"સો ટકા. નહેરુ પણ વિદેશોમાં ઘુમતા હતા. કપડાંના શોખીન હતા. પ્રવચન જોરદાર કરતા હતા. સૌને આંજી દેતા હતા અને દેશની આબરૂ વધારતા હતા અને એટલે જ કહેવાય કે ઈતિહાસ પુનરાવર્તિત થાય છે..!"

"ખરૂ તમે શોધી કાઢ્યું હો..!"

"એમાં શોધવાની ક્યાં વાત છે..? જે છે તે જ કહીએ છીએ. આ તો વાંધો માત્ર એટલો જ છે કે નહેરુનું નામ લેવુ તમને ગમતુ નથી. બાકી ગાંધી અને નહેરુ, સરદાર કે સુભાષની વિચારધારા પર જ આ દેશ ચાલ્યો છે અને ચાલશે."

"એટલુ બધુ નહી હોં..!!"

"ના ના... આ તો સાહેબ સાચુ કહીએ તો કડવું લાગે છે. જે છે એ તો સ્વીકારવુ પડે ને ભાઈ. નહેરુ દેશના પ્રથમ વડાપ્રધાન હતા અને એમના વિચારોનો પ્રભાવ દેશના જાહેરજીવન અને વહીવટીતંત્ર પર હોય એ સ્વાભાવિક છે."

"હા, એ તો સાચુ જ છે ને..!"

"સાચુ છે, સાચુ છે, સાચુ છે પણ તમે બધાને જુદા જુદા પાડી તમારા ચશ્માથી એમનુ ચિત્ર દોરો છો. જો આટલુ બંધ થાય તો તમારો જય જયકાર જ છે. આખરે તો ભારત મારો દેશ છે અને ભારતના મુલ્યોની રખેવાળી એ આપણા સૌની જવાબદારી છે. અને તો જ રાષ્ટ્રભક્તિ રંગ લાવશે. તો જ સરદારનું લોખંડી મનોબળ, નહેરુની રાજદ્વારી દૃષ્ટિ, નેતાજીની શિસ્ત અને ગાંધીનો સત્ય-અહિંસાનો સંદેશ આપણા ભવ્ય ભારતને દિવ્ય ભારત બનાવશે."

- નિમિત્ત માત્ર

# રાજ્યમાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટનો શુભારંભ





## ગાંધીનગરની શાહપુર શાળામાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટનો રાજ્યકક્ષાનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૫

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતની શાળાઓમાં ડિઝીટલ ક્રાંતિના પગરણ રૂપ જ્ઞાનકુંજ પ્રોજેકટનો શિક્ષક દિને રાજ્યવ્યાપી પ્રારંભ કરાવતા જાહેર કર્યુ કે, રાજ્ય સરકારે આ વર્ષના બજેટમાં ફેબ્રુઆરીમાં જે વિવિધ યોજનાઓ જાહેર કરી હતી તે બધી જ સપ્ટેમ્બર માસ સુધીમાં કાર્યાન્વિત કરી દીધી છે.

આ સંદર્ભમાં તેમણે ઉમેર્યુ કે, રૂ. ૩૫.૮૫ કરોડના ખર્ચે જ્ઞાનકુંજ પ્રોજેકટના આરંભથી રાજ્યની ૧૬૦૯ શાળાઓના ધો.-૭ અને ૮ ના ૩૧૭૩ વર્ગખંડોના વિદ્યાર્થીઓને વૈશ્વિક સ્ટુડન્ટ બનાવવા છે. શાળા દિઠ રૂ. ૨ લાખ ૨૨ હજારના ખર્ચે આ પ્રોજેકટ શરૂ થયો છે.

તેમણે ઉમેર્યુ કે, વિદ્યાની દેવી મા સરસ્વતીના હાથમાં વિણા રહેલી છે તેમ ગુજરાતની શાળાઓના વિદ્યાર્થીઓના હાથમાં ટેબ્લેટ જેવા અદ્યતન ઉપકરણોથી વિશ્વનું શ્રેષ્ઠ જ્ઞાન તેની આંગળીના ટેરવે મૂક્યું છે.

ડિઝીટલ ક્રાંતિની આ શરૂઆત ગુજરાતના શિક્ષણ ક્ષેત્રને નવી ઊંચાઈ તથા પ્રધાનમંત્રીના ડિઝીટલ ઈન્ડીયાના સંકલ્પને પાર પાડશે તેવો વિશ્વાસ મુખ્યમંત્રીએ દર્શાવ્યો હતો.

મુખ્યમંત્રીએ જ્ઞાનકુંજ પ્રોજેકટનો પ્રારંભ ગાંધીનગરના શાહપૂરની પ્રાથમિક શાળાથી કરાવ્યો હતો. મુખ્યસચિવ ડો. જે.એન. સિંહ તથા શિક્ષણ અગ્રસચિવ સૂનયના તોમર, ગૂડા અધ્યક્ષ

● અનુસંધાન પાન-૭ પર

## સ્વાઈન ફ્લુથી પાલજની મહિલાનું મૃત્યુ

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેરમાં સ્વાઈન ફ્લુથી આજે એક મહિલા દર્દીનું મોત થયું છે. શહેરમાં આ સાથે સ્વાઈન ફ્લુથી મૃત્યુ આંક ૫ પર પહોંચ્યો છે. મળતી વિગતો મુજબ પાલજના ૭૫ વર્ષિય નંદુબા બિહોલા જેમને સ્વાઈન ફ્લુ ગત સપ્તાહે પોઝીટીવ આવ્યો હતો અને તેઓ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ હતા. આજે સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ થયું છે.

દરમ્યાન જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે એક પણ કેસ સ્વાઈન ફ્લુનો નોંધાયો ન હોવાથી તંત્રએ થોડોક રાહતનો દમ લીધો છે.

## સે. ૨૭થી નર્મદા રથની યાત્રા આરંભાશે

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેરમાં આજે સે. ૨૭ના શિવ-શક્તિ મંદિર ખાતેથી



નર્મદારથનો શહેરમાં પરિક્રમા આરંભાશે.

જિલ્લાના પ્રભારી મંત્રી ડૉ. નિર્મલા વાઘવાણી તથા વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર આ યાત્રાનો પ્રારંભ સવારે સાડા નવ વાગે કરાવશે.

આજથી આ રથ શહેરના વિવિધ સેક્ટરોમાં જશે જ્યાં તેનુ સ્વાગત કરવામાં આવશે તેમજ ટુંકા સંબોધનો પણ એકત્રિત જનમેદનીને કરવામાં આવશે. ૧૫મી સપ્ટેમ્બર સુધી આ રથ નગરના સે. ૨૯, સે. ૨૪, સે. ૨૧, સે. ૧૬, સે. ૬માં ફરશે.

## ઈન સર્વિસ ડૉક્ટર્સ ૧૧મીથી ત્રણ દિવસની માસ સી.એલ. પાળશે

ગાંધીનગર, તા. ૫

ગુજરાત સરકારના ઈન સર્વિસ ડૉક્ટર્સ આગામી ૧૧મી થી ૧૩મી સપ્ટેમ્બર દરમ્યાન માસ સી.એલ. પર જશે.

ઈન સર્વિસ ડૉક્ટર્સ દ્વારા જારી કરાયેલ અખબારી યાદીમાં જણાવાયા પ્રમાણે તેમના પડતર પ્રશ્નો અંગે સરકારમાં વારંવાર રજુઆતો પછી પણ કોઈ નિકાલ ન આવતા આ માસ સી.એલ. પર જવાનો નિર્ણય લેવામાં આવેલ છે.

# વિધાનસભા ચૂંટણીની જાહેરાત ઓકટોબરની મધ્યમાં થશે

**હિમાચલપ્રદેશ અને ગુજરાતની ચૂંટણી સાથે યોજાશે : બે તબક્કામાં મતદાન થશે : ડિસેમ્બરના પ્રથમ પખવાડિયાના અંતિમ દિવસોમાં મતદાનની તારીખો આવશે : તંત્ર દ્વારા તૈયારીઓ શરૂ**

ગાંધીનગર, તા. ૫

ગુજરાત વિધાનસભાની ચૂંટણી ઓકટોમ્બરની મધ્યમાં જાહેર થશે અને ડિસેમ્બરના પ્રથમ પખવાડિયાના અંતિમ દિવસોમાં મતદાન થશે. ચૂંટણી માટેની તૈયારીઓ પંચ દ્વારા આરંભી દેવામાં આવી છે.

અત્યંત વિશ્વસનીય સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે વી.વી.પેટ સાથે ચૂંટણી કરવાની હોવાથી વી.વી. પેટ નવા મેળવવામાં થોડોક સમય લાગે તેમ હોવાથી પંચે ડિસેમ્બરની ૧૨ થછી ૧૭માં મતદાન થાય તે દિશામાં વિચારણા હાથ ધરી હોવાનું જાણવા મળેલ છે.

આ ઉપરાંત બિહાર-યુપી.માંથી ઈ.વી.એમ. પણ આવી રહ્યા છે. તેના ફર્સ્ટલેવલ ઈન્સ્પેકશન માટે પણ સમય લાગે તેમ હોવાથી પંચ ડિસેમ્બરમાં જ આ ચૂંટણીઓ યોજાય તે માટે મન બનાવી લીધુ છે.

રાજ્યમાં ચૂંટણીની ઘોષણા પૂર્વે

● અનુસંધાન પાન-૭ પર

# રેલવે બોર્ડના ચેરમેને સ્ટેશન પાસે હોટલની કામગીરીનુ નિરિક્ષણ કર્યુ

**કેપિટલ સ્ટેશન પાસે આકાર લેતી હોટલની કામગીરીની પ્રગતિ અંગે જાણકારી મેળવવા ચેરમેને મુલાકાત લીધી : કેપિટલ સ્ટેશનની મુલાકાત ન લીધી**

ગાંધીનગર તા ૫

ગાંધીનગર રેલ્વે સ્ટેશન પાસે ફાઈવ સ્ટાર હોટલ નિર્માણનુ કામ હાલ પ્રગતિ હેઠળ છે. રેલવે બોર્ડના ચેરમેને આજે સાઈટ પર મુલાકાત લઈ કામગીરીનુ નિરિક્ષણ કર્યુ હતુ. આ દરમિયાન ગુજરાત રેલવે બોર્ડના અધિકારીઓ પણ હાજર રહયા હતા. જો કે તેમણે કેપિટલ સ્ટેશનની મુલાકાત લીધી ન હતી.

ગાંધીનગર કેપિટલ સ્ટેશનનો પાટનગર સમકક્ષ વિકાસ થયો નથી. જયારે રેલવે સ્ટેશન પર યાત્રિકોલક્ષી સુવિધા પણ ઉપલબ્ધ થઈ નથી. રેલવે બજેટના અંતે દરવર્ષે ગાંધીનગર સ્ટેશનને ઠેંગા દેખાડી દેવાતા હજુ સુધી કેપિટલ સ્ટેશન પર ટ્રેઈન સુવિધા પણ અપગ્રેડ થઈ શકી નથી. અલબત્ત નવી ટ્રેઈનો શરૂ કરવાની માંગણી પણ સંતોષાઈ નથી. હાલ પણ પ્રતિદિન માત્ર ચાર ટ્રેઈનનો આવરો જાવરો છે. ત્યારે ગાંધીનગર રેલવે સ્ટેશનના વિકાસ તેમજ યાત્રિકો લક્ષી જરૂરી સુવિધા માટે અત્યારસુધી થોકબંધ રજુઆતો પણ કેન્દ્ર સરકારને કરવામાં આવી છે. બીજીતરફ રેલવે સ્ટેશનને અડીને અંદાજિત રૂ ૨૫૦ કરોડના ખર્ચે તોતિંગ હોટલના નિર્માણનુ કામ પણ હાલ ચાલી રહયુ છે.

સ્થાનિક રહીશોમાં પણ આ હોટલની કામગીરી કેન્દ્ર સ્થાને છે. વાઈબ્રન્ટમાં આવતા મહાનુભાવોને આ હોટલમાં જ રોકાણ મળે તે માટે કામગીરી ઝડપથી પુર્ણ કરવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. આગામી વાઈબ્રન્ટ પુર્વે આ કામગીરી પુર્ણ કરવાનો પણ સંકલ્પ છે. ત્યારે હોટલ નિર્માણની કામગીરી અંગે પણ રેલવે બોર્ડ દ્વારા નિરિક્ષણ કરવામાં આવે છે. આજે રેલવે બોર્ડના ચેરમેન લુહાનીએ ગાંધીનગર સ્ટેશન પાસે આકાર લેતી હોટલની કામગીરી સંદર્ભે સ્થળ મુલાકાત લીધી હતી. તેમની એક કલાકની મુલાકાત દરમિયાન તેમણે હોટલની કામગીરીનુ નિરિક્ષણ કર્યુ હતુ. જયારે કામની પ્રગતિ અંગે પણ અધિકારીઓ સાથે ચર્ચા કરી હતી. આ દરમિયાન ગુજરાત રેલવે બોર્ડના અધિકારીઓ પણ હાજર રહયા હતા. જો કે તેમણે કેપિટલ સ્ટેશનની મુલાકાત લીધી ન હતી.




રખડતા પશુ - શહેરના આંતરિક માર્ગો હોય કે શહેરને જોડતા મુખ્ય માર્ગો હોય... રખડતા પશુઓની હાલાકી હજુ પણ યથાવત છે... વારંવાર તંત્ર સમક્ષ અનેક પક્ષોની અને નાગરિકોની રજૂઆત થઈ... અખબારોમાં તસવીરો અને અહેવાલો છપાયા... ન્યાયતંત્ર પણ કડકમાં કડક ટકોર કરી ચુક્યુ... પરંતુ કોણ જાણે કેમ કશું જ થતું નથી... ક્યાં કોણ અટક્યુ છે, અને કોણ અટકાવે છે... હજુ એ પણ સમજાતુ નથી... હવે તો હદ થાય છે... રાહદારીઓ અને વાહન ચાલકો ઉકેલની રાહ જૂએ છે...

# સેકટરોના આંતરિક માર્ગોની સુધારણા સાથે યોગ્ય લેવલીંગ કરવા પ્રબળ માંગ

**સેકટરોમાં આંતરિક માર્ગોની સુધારણાનુ કામ ટુંકમાં હાથ ધરાશે : માર્ગો આસપાસ પેવર બ્લોક કરી દેવાતા રસ્તાઓ નિચાણમાં : વરસાદી પાણીનો ભરાવો થતા માર્ગોનુ ધોવાણ થાય છે**

ગાંધીનગર તા ૫

શહેરના સેકટરોમાં ટુંકમાં આંતરિક માર્ગોનુ કામ હાથ ધરાશે. સેકટરોમાં આંતરિક માર્ગોની સુધારણા માટે અંદાજિત રૂ ૨૫ કરોડનો ખર્ચ કરાશે. ત્યારે માર્ગોનુ ધોવાણ થતુ અટકાવવા માટે સુધારણા દરમિયાન યોગ્ય લેવલીંગ કરવાની અનિવાર્યતા છે. સેકટરોમાં આંતરિક માર્ગોની આસપાસ સ્થાનિક રહીશો દ્વારા પેવર બ્લોક ફીટ કરી દેવાતા માર્ગો નિચાણમાં ધકેલાઈ ગયા છે. આવા સંજોગોમાં માર્ગોનુ યોગ્ય લેવલીંગ નહીં થાય તો આગામી ચોમાસાના અંતે આંતરિક રસ્તાઓ પાછળ કરાયેલા તોતિંગ ખર્ચ પર પાણી ફરી વળશે સ્થાનિક રહીશોમાં પણ માર્ગોનુ યોગ્ય લેવલીંગ કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

શહેરમાં નિયત સમય કરતા વધુ સમય વિત્યા બાદ મોટાભાગના માર્ગોની દશા બેઠી છે. જેમાં સેકટરોના આંતરિક માર્ગો પર મોટામસ ગાબડા જોવા મળી રહયા છે. લાંબા સમયના અંતે માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરાયુ નથી. જેના લીધે વરસાદી દિવસોમાં પણ માર્ગોની હાલત વધુ ખરાબ થઈ છે. જયારે સેકટરોના આંતરિક માર્ગો આસપાસ પેવર બ્લાકનુ કામ હાથ ધરાતા માર્ગો ખાડામાં ગરકાવ થઈ ગયા હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. જેના લીધે વરસાદી દિવસોમાં માર્ગો પર પાણીનો ભરાવો થતા રસ્તાઆનુ ધોવાણ થાય છે. સેકટરોમાં છેલ્લા ઘણાં સમયથી માર્ગોની હાલત કથળી છે. સેકટરોના આંતરિક માર્ગો પર મોટા ગાબડા જોવા મળી રહયા છે. સેકટરોના આતરિક માર્ગો ઉબડ ખાબડ બનતા માર્ગ સલામતી પણ જોખમાઈ છે. ત્યારે કેટલાક ઠેકાણે રસ્તાઓના અસ્તિત્વ સામે પણ પ્રશ્નાર્થ સર્જાય તેવી સ્થિતિ છે. તંત્ર દ્વારા ટુંકમાં જ માર્ગોની સુધારણા માટે કામ હાથ

● અનુસંધાન પાન-૭ પર

# બ્લ્યુ વ્હેલ ગેમ પર પ્રતિબંધ માટે અંતે સરકારે કમરકસી

**કાનૂની વિકલ્પ સહિતના મુદ્દે સરકારની ગંભીર વિચારણા જરૂર પડશે તો વટહુકમ લાવી ગેમ ઉપર પાબંદી : રૂપાણી**

અમદાવાદ,તા. ૫

અમદાવાદ સહિત રાજયમાં નિર્દોષ નાગરિકોના જીવ લેનારી રશિયાની ખતરનાક અને જીવલેણ બ્લ્યુ વ્હેલ ગેમને પ્રતિબંધિત કરવા ગુજરાત સરકારે આખરે કમર કસી છે. રાજય સરકાર ટૂંક સમયમાં જ આ ખતરનાક એવી બ્લ્યુ વ્હેલ ગેમ પર પાબંદી ફરમાવી દે અને બંધ કરાવે તેવી શકયતા છે. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ બ્લ્યુ વ્હેલ ગેમને બંધ કરાવવાની વાતને સમર્થન આપતાં જણાવ્યું હતું કે, સરકાર આ સમગ્ર મામલે ગંભીરતાપૂર્વક પ્રયાસો કરી રહી છે અને ટૂંક સમયમાં જ તેને બંધ કરાવવાનો નિર્ણય લેવાશે. નાગરિકોની સુરક્ષા ખૂબ જરૂરી છે અને તેથી જરૂર પડયે સરકાર વટહુકમ લાવીને પણ આ ગેમ બંધ કરાવશે. ઉલ્લેખનીય છે કે, મદ્રાસ હાઈકોર્ટે તાજેતરમાં જ ત્યાંની સરકારને બ્લ્યુ વ્હેલ મામલે થયેલી પિટિશનમાં આ જીવલેણ ગેમ બંધ કરવાની દિશામાં પ્રયાસ કરવા તાકીદ કરી છે અને ગુજરાત સહિત દેશના અન્ય રાજયોમાંપણ નાગરિકોની ખાસ કરીને બાળકો અને મહિલાઓની સુરક્ષાને લઈ આ ખતરનાક ગેમ પર પાબંદી મૂકવાની માંગણી બળવત્તર બની છે ત્યારે આજે રાજયના મુખ્યપ્રધાન વિજયભાઈ રૂપાણીએ આ ખતરનાક બ્લ્યુ વ્હેલ ગેમને લઈ રાજય સરકારનું વલણ સ્પષ્ટ કર્યું હતું. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, બ્લ્યુ વ્હેલ ગેમના કારણે રાજયના નાગરિકોના મોતની ઘટનાઓ ચિંતાજનક રીતે વધી રહી છે અને તેથી સરકારે આ સમગ્ર મામલાને ગંભીરતાથી લીધો છે. સરકાર આ ખતરનાક અને જીવલેણ ગેમ પર કેવી રીતે પ્રતિબંધ મૂકી શકાય અને કેવી રીતે તે બંધ કરી શકાય તેના કાયદાકીય વિકલ્પો સહિતના પાસાઓ પર વિચાર કરી રહી છે. ખાસ કરીને બાળકો માટે આ ગેમ ખતરનાક અને જીવલેણ હોઈ આ મામલે સરકારે ગૃહવિભાગને જરૂરી આદેશો આપ્યા છે. નાગરિકોની સુરક્ષા સરકાર માટે સૌથી પહેલી પ્રાધાન્યતા છે અને તેથી બ્લ્યુ વ્હેલ ગેમ ટૂંક સમયમાં જ પ્રતિબંધિત કરવાની પ્રક્રિયા પૂર્ણ કરાશે. નાગરિકોના હિતમાં જરૂર પડયે રાજય સરકાર વટહુકમ લાવીને પણ આ બ્લ્યુ વ્હેલ ગેમ બંધ કરાવશે.










Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com